# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref no. PN 2025-26/121 Dt. 04/09/2025

તંત્રીશ્રી, __________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના જીએસટી દરમાં ઘટાડો તેમજ હેલ્થ એન્ડ લાઇફ ઇન્સ્યુરન્સ પરનો જીએસટી નાબૂદ કરવાનો નિર્ણય આવકારદાયક, પરંતુ યાર્ન ઉપરનો ટેક્સ દર 18%ને બદલે 5% કરાયો, જેના પરિણામે કેપિટલ ગુડ્સ પરના ITCના લોસના કેસો વધી શકે છે: ચેમ્બર

સુરત: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ તેમજ હેલ્થ ઇન્સ્યુરન્સ એન્ડ લાઇફ ઇન્સ્યુરન્સ પર લાગુ કરવામાં આવેલા જીએસટીને નાબૂદ કરવા માટે વારંવાર રજૂઆતો કરવામાં આવી હતી. ગઇકાલે તા. ૩ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ યોજાયેલી જીએસટી કાઉન્સીલની મિટીંગમાં આ રજૂઆતોને ધ્યાનમાં લેતા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જીએસટી કાઉન્સીલ દ્વારા જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના જીએસટી દરમાં ઘટાડો કરવામાં આવ્યો છે તેમજ હેલ્થ ઇન્સ્યુરન્સ એન્ડ લાઇફ ઇન્સ્યુરન્સ પરનો જીએસટી નાબૂદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેને ચેમ્બર હર્ષભેર આવકાર આપે છે.

જીએસટી કાઉન્સિલની બેઠકમાં પ્રિન્ટીંગ સર્વિસ, નાસ્તાની આઇટમ, સીઇટીપી પ્લાન્ટની સર્વિસિઝ, રૂપિયા ૭૫૦૦ સુધીના ભાડાવાળી હોટેલના રૂમના ચાર્જીસ, ૧૨૦૦ સીસીથી નીચેની કાર, સિમેન્ટ, મોટા ભાગની કન્સ્ટ્રકશન આઇટમો, એર કન્ડીશન્ડ અને ટીવી એલસીડી અને સોલાર પેનલ પરના જીએસટી દરમાં ઘટાડો કરવામાં આવ્યો છે, જે બાબત પણ આવકારદાયક છે, પરંતુ ટેક્ષટાઇલ ઉદ્યોગ માટેની જે જોગવાઇઓ કરવામાં આવી છે તે મુજબ બેઝિક MMF ટેક્સટાઇલની મુખ્ય ઇનપુટ્સ જેમ કે MEG અને PTA ઉપર GST દર 18% જ રહેશે, ચીપ્સ પર પણ 18% રહેશે, જ્યારે યાર્ન, ફેબ્રિક અને ગારમેન્ટસ ઉપર હવે 5% GST દર લાગશે. અગાઉ યાર્ન પર GST 12% હતો, જે હવે 5% થયો છે. સરકારે MMF ફેબ્રિક ઉપરની ઇનવર્ટેડ ડ્યુટી સ્ટ્રક્ચર દૂર કરી છે.

સરકારના જીએસટી સ્ટ્રકચરના આ પગલાથી યાર્ન ઉત્પાદકો માટે ઇનવર્ટેડ ડ્યુટી સ્ટ્રક્ચર વધુ વધી ગયું છે, કારણ કે, તેમના ઇનપુટ્સ પર 18% GST છે અને આઉટપુટ પર હવે ફક્ત 5% લાગશે. યાર્ન ઉત્પાદકો અગાઉથી જ રોકાયેલી મૂડી અને ITC પર ફરિયાદ કરતા હતા, હવે આ સ્થિતિ વધુ ગંભીર બનશે. ઉદ્યોગોની અપેક્ષા હતી કે યાર્ન ઉપરનો ટેક્સ દર 18% થશે, પરંતુ તેનું ઉલટું 5% કરવામાં આવ્યો છે, જેના પરિણામે કેપિટલ ગુડ્સ પરના ITCના લોસના કેસો વધી શકે છે.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, ફેબ્રિક અંગે અગાઉ ઇનપુટ ટેક્સ 12% અને આઉટપુટ 5% હતો, પણ ફેબ્રિકના સ્તરે લગભગ 120%નું વેલ્યુ એડિશન થતું હોવાથી ઇનપુટ ટેક્સના કારણે માત્ર 2% થી 2.5% જેટલું રિફંડ થતું હતું, હવે જ્યારે ઇનપુટ અને આઉટપુટ બન્ને પર 5% જ છે, ત્યારે આવું રિફંડ મળવાનું બંધ થઇ ગયું છે. આ સ્થિતિ સુરત ટેક્સટાઇલ ઉદ્યોગ માટે મોટા પ્રમાણમાં નાણાં પ્રવાહની તંગી ઉભી કરશે.

સુરત, ભારતમાં MMF ટેક્સટાઇલનું હબ છે. વિવિંગ ઉદ્યોગમાં સામાન્ય રીતે 90થી 120 દિવસની પેમેન્ટ સાયકલ હોય છે. હવે મોટાભાગના પ્લેયર્સ GST રજિસ્ટર્ડ છે, એટલે તેમને દર મહિને વેચાણ પર GST ચૂકવવો પડશે, જેના માટે પોતાના ગ્રોસ સેલ્સના આશરે ૨૦% જેટલા વધારાના વર્કિંગ કેપિટલની જરૂર પડશે. આ સ્થિતિ MMF ટેક્સટાઇલ ઉદ્યોગના વિસ્તરણની ગતિશીલતાને ધીમી બનાવી શકે છે.

ચેમ્બરે સરકાર સમક્ષ વિનંતી કરી છે કે, યાર્ન ઉપર GST દર 18% અને ફેબ્રિક ઉપર 5% રાખવામાં આવે. આશા રાખીએ કે સરકાર જલ્દી જ યાર્ન અને ફેબ્રિક ઉત્પાદકોની મુશ્કેલીઓ સમજશે અને MMF વેલ્યુ ચેઇન પર યોગ્ય રીતે કર દરોમાં સુધારો કરશે, જે ઉદ્યોગની અપેક્ષાઓ અનુસાર હશે.

નવા GST રજિસ્ટ્રેશન માટે નવી સ્કીમ - સિમ્પલીફાઈડ રજીસ્ટ્રેશન સ્કીમ, જે અંતર્ગત એપ્લિકન્ટ ડિક્લેર કરે કે તેઓનું માસિક આઉટપુટ GST ટેક્ષ લાયેબિલિટી ૨.૫ લાખથી વધુ ન હોય તેઓને માત્ર ત્રણ જ દિવસમાં GST રજિસ્ટ્રેશન મળી જશે.

GSTમાં કરવામાં આવેલા મોટા ઘટાડા થકી MSME, મહિલાઓ, યુવાનો સહિત સૌના 'ઈઝ ઓફ લિવિંગ'માં વધારો થશે. સામાન્ય ઉપભોક્તા પર વેરાનો બોજ ઘટશે અને તેમના જીવનમાં ખુશીઓ આવશે. જીએસટી કાઉન્સીલ દ્વારા એર કન્ડીશન્ડ, ૧૨૦૦ સીસીથી નીચેની કાર તેમજ કન્સ્ટ્રકશન ક્ષેત્રે ઘટાડો કરવામાં આવ્યો છે. આ નિર્ણયો દ્વારા નાગરિકોને સીધી રાહત મળશે અને રોજિંદા જીવનમાં સુવિધા અનુભવાશે.